# દેશમાં પ્રથમવાર ડાયમંડના વાયદાના વેપાર ટૂંકમાં શરૂ થશે

મુંબઇ, તા.૨૦

દેશના ડાયમંડબજારમાંથી મળી રહેલા સમાચારો મુજબ દેશમાં પ્રથમવાર તથા વિશ્વમાં પણ પ્રથમવાર ડાયમંડના વાયદાના સોદાઓનો આરંભ કરવા તખ્તો ગોઠવાઇ રહ્યો છે. મળતા નિર્દેશો મુજબ મોટાભાગે જુલાઇના છેલ્લા સપ્તાહમાં અથવા તો ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં દેશમાં ડાયમંડના વાયદાઓ શરૂ થઇ જવાની શક્યતા છે. આ માટે સેબીની મંજૂરી મેળવવા વિવિધ દસ્તાવેજો સેબી સમક્ષ રજૂ કરાયા છે. અને જુલાઇના પ્રથમ સપ્તાહમાં સેબીની મંજૂરી મળી જવાની શક્યતા જાણકારોએ દર્શાવી છે. આ પૂર્વે ડાયમંડના વાયદાઓ વિશે બજારોમાં જાગૃતી લાવવા તથા વિગતો સમજાવવા રોડ-શો, પરીસંવાદોનો દોર શરૂ થયો છે. આઇસીઇએક્સના ઉપક્રમે આ વાયદાઓ શરૂ થવાના છે. રિલાયન્સ ગ્રુપ, સરકાર હસ્તકનું મિનરલ એન્ડ મેટલ ટ્રેડીંગ કોર્પોરેશન (એમએમટીસી), ઇન્ડિયન પોટાશ, ક્રિભ્કો. આઇડીએફસી બેંક, ઇન્ડિયા બુલ્સ વિ. દ્વારા પ્રમોટ કરાયેલા આ એક્સચેન્જ પર પ્રથમ વાર ડાયમંડના વાયદાના વેપાર ફ્યુચર્સ ટ્રેડિંગ શરૂ થશે એવા નિર્દેશોએ ડાયમંડ બજારમાં ખાસ્સી ચર્ચા જગાવી છે. ડાયમંડના વેપારમાં પ્રથમવાર હેજીંગની સવલત આના પગલે ઉભી થશે એવું સૂત્રોએ જણાવ્યું હતું.



મંગળવારે (આજે) બાંદરા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે આવેલા ભારત ડાયમંડ બુર્શ ખાતે આ વિશે પરી સંવાદ અને માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવનાર છે. જ્યારે આ પછી શુક્રવારે સુરતના હીરા બજારમાં આવું આયોજન હાથ ધરવામાં આવનાર છે. તાજેતરમાં હીરા બજાર અને ઉદ્યોગના ઘણા આગેવાન પ્રતિનિધિઓ આ પ્રશ્ને સેબીના અધિકારીઓને મળ્યા હતા. દરિયાપારના ડાયમંડ બજારમાંથી હોંગકોંગ, ટોકીયો, દુબઇ વિ. ખાતેથી પણ આગેવાનો આ વિશે મુંબઇ આવીને સેબીને મળ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ભારતમાં પોલીશ્ડ ડાયમંડનો વેપાર અને ઉદ્યોગ, વ્યાપક પ્રમાણમાં વિકસ્યો હોવા છતાં ડાયમંડના ભાવો દરિયાપારના બજારોમાં નક્કી થતા હતા પરંતુ હવે દેશમાં વાયદાબજાર શરૂ થતા ભારતના ભાવ બેન્ચમાર્ક બની જવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા છે. ડાયમંડ વાયદામાં ડિલીવરી કેન્દ્ર સૂરત રાખવામાં આવનાર છે તથા મિનીમમ લોટ સાઇઝ એક સેન્ટની રહેશે. આવા સો સેન્ટ મળે તો એક કેરેટ થાય છે. ત્રણ-ત્રણ મહિનાના વાયદાઓ પ્રથમ તબક્કે શરૂ થવાની શક્યતા છે તથા ડિમેટ ખાતાઓ મારફત વ્યવહાર કરી શકાય એવો તખ્તો ગોઠવાઇ રહ્યો છે. ડાયમંડમાં હોલસેલ બજારમાં ભાવો તથા રિટેલ ભાવો વચ્ચે ૨૦થી ૨૫ ટકાનો તફાવત રહેતો હોય છે અને વાયદાના આરંભ પછી રોકાણકારો હોલસેલ ભાવોએ ડાયમંડમાં રોકાણ કરી શકશે એવું જાણકારોએ ઉમેર્યું હતું.